# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE (ECHO GROUP)

India's National Spiritual Newspaper

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXIV | YEAR OF OUR LORD JESUS CHRIST, OCTOBER 2022 | NO: 08


**પવિત્ર બાઈબલ**

**કૃપા કરી આ ભાગ મોઢે કરો**

**પ્રભુની સ્તુતિ થાઓ!!**

ગીતશાસ્ત્ર ૭૩ : ૧-૧૦

૧. ઈસ્રાએલ કે, જેઓનાં હૃદય શુદ્ધ છે, તેમના પર, ઈશ્વર ખરેખર પરોપકારી છે.

૨. પણ મેં તો મારે પગે લગભગ ઠોકર ખાધી હતી; હું પગલાં ભરતાં લગભગ લપસી ગયો હતો.

૩. કેમ કે જ્યારે મેં દુષ્ટોની સમૃદ્ધિ જોઈ, ત્યારે મેં ગર્વિષ્ઠોની અદેખાઈ કરી.

૪. કેમ કે મરણ સમયે તેમને વેદના થતી નથી; પણ તેઓનું બળ દ્રઢ રહે છે.

૫. મનુષ્યજાતનાં દુઃખો તેમના પર આવતાં નથી; અને બીજા માણસોની પેઠે તેઓને પીડા થતી નથી.

૬. માટે તેઓનો ગર્વ તો ગળાની કંઠી જેવો છે; વસ્ત્રની પેઠે જુલમ તેઓને ઢાંકી રાખે છે.

૭. તેઓની દુષ્ટતા તેમના હૃદયમાંથી ઊભરાયાં કરે છે; તેઓના મનની દુષ્ટ કલ્પનાઓ ઊભરાઈ જાય છે.

૮. તેઓ નિંદા કરે છે, અને ભૂંડાઈ વિષે બોલે છે; તેઓ જુલમની બડાઈ હાંકે છે.

૯. તેઓ ઈશ્વર વિરુદ્ધ પોતાનું મોં ઊંચું રાખે છે; અને પૃથ્વીમાં તેઓની જીભ છૂટથી ચાલે છે.

૧૦. એ માટે લોકો તેમને અનુસરે છે; અને તેઓ ઊભરાતું પાણી પી જાય છે.

# ધ્યેયલક્ષી વ્યક્તિ તરીકે તમારી જાતને બદલો!

## CHANGE AS GOAL ORIENTED PERSON!

**ધ્યેયલક્ષી વ્યક્તિની મહત્વાકાંક્ષા તેના જીવન કરતા મોટી હોય છે.**

*(મુખ્ય મંડળી પર પાળક એસ. સામ સેલ્વરાજ સંદેશો)*

આ દુનિયામાં ઘણા એવા લોકો છે જે કોઈ ખાસ મહત્વાકાંક્ષા સાથે જીવે છે. આપણે ખ્રિસ્તીઓ તરીકે, આપણા દુન્યવી જીવનમાં જ મહત્વાકાંક્ષા હોવી ન જોઈએ પણ આપણને આત્મિક જીવનમાં પણ ખાસ મહત્વાકાંક્ષા હોવી જોઈએ. આપણામાં ખાસ જીવન જીવવા માટે મજબૂત આત્મિક પાયો હોવો જોઈએ. જો વ્યક્તિમાં આત્મિક મહત્વાકાંક્ષા ન હોય તો, તે/તેણી વિજયી જીવન જીવી શકતા નથી.

જો કોઈ વ્યક્તિ તેના જીવનમાં કંઈ ખાસ કરવા ઈચ્છતો હોય તો તેણે સ્વતંત્ર રીતે વિચારવું જોઈએ. જેઓને સારી મહત્વાકાંક્ષા હોય છે, અને જેઓ તેમના જીવનોમાં એક લક્ષ રાખે છે, તેઓ સમયો અનુસાર પોતાની જાતને બદલતા નથી. આવા લોકો તેમના આત્મિક દર્શનમાં મજબૂત હોય છે, જે તેમની પાસે પહેલેથી જ હોય છે. જ્યાં સુધી આપણે જે માનીએ છીએ તેમાં સ્પષ્ટ ન હોઈએ, તો, આપણે સફળતાપૂર્વક જીવનો જીવી શકતા નથી!

જે લોકો તેમની માન્યતાઓ અનુસાર બદલાતા રહે છે, તેઓ આસપાસ સળવળાટ ફરતા સાપ જેવા હોય છે. ફક્ત જેઓ તેમની માન્યતાઓમાં દ્રઢ હોય છે, તેઓ મોટા આગેવાનો બની શકે છે, જેઓ અન્યો માટે આશીર્વાદોના સ્રોત તરીકે જીવી શકે છે. "બે મનવાળું માણસ પોતાનાં સઘળા કાર્યમાં અસ્થિર છે." (યાકૂબનો પત્ર ૧:૮)


**૧. જે લોકો મહત્ત્વાકાંક્ષી હોય છે તેઓ યહોવા પ્રભુનું ભજન કરી શકે છે અને તેમની સેવા કરી શકે છે.**

આપણે યહોશુઆ ૨૪:૧૫માં વાંચીએ છીએ, **"અને જો યહોવાની સેવા કરવી એ તમને માઠું દીસતું હોય, તો કોની સેવા તમે કરશો તે આજે જ પસંદ કરો;... પણ હું ને મારા ઘરનાં તો યહોવાની જ સેવા કરીશું."** અહિં એક પ્રશ્ન છેઃ **"તમે કોની સેવા કરશો?"** તે ખરું છે કે આપણે સર્વ પ્રભુ ઈસુ ખ્રિસ્તની સેવા કરીએ છીએ. પણ શું આપણે ફક્ત પ્રભુ ઈસુ ખ્રિસ્તની એકલાની જ સેવા કરીએ છીએ?

(અનુસંધાન પાન ૩ પર)

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

## *from your dearly beloved brother...*





પાળક એસ. સામ. સેલ્વરાજ દીકરી
એન્જેલીના અને દીકરા એલેક્ષ સાથે

### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઇએ અને શીખવવું જોઇએ. આ સમયની જરૂરિયાત છે.


**CHIEF EDITOR**
Angeline Selvakumari Henry, M.A., M.Ed.

**MANAGING EDITOR**
Pastor Alex Samson Sam, B.Th., M.Div.

**ADMINISTRATION**
Bro. N. Prakasam, M.A., General Manager

**EDITORIAL BOARD**
Sis. Jesy Veena Sam
Sis. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Rev. Dr. K.R. Rajasekaran
Dr. A. Richard Samuel, M.A., Ph.D.

**EDITOR, PUBLISHER & PRINTER**
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 95661 31858

**CORE LEADERS**
Bro. K. Puratchivendan
Bro. A. Edward Durai
Bro. A. Alvin
Bro. K. Abraham
Sis. Dhanalakshmi Chinnaiah

**E.mail ID**
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

**WEBSITES**
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

**YOUTUBE CHANNEL**
Echo of His Call


**"હું તને તજીશ નહિ; ને તને મૂકી દઈશ નહિ.."**
**(યહોશુઆ ૧:૫)**

પ્રભુમાં વહાલા ભાઈઓ તથા બહેનો,

આપણા પ્રભુ તથા તારનાર ઈસુ ખ્રિસ્તના મધૂર નામમાં પ્રેમી સલામ.

અમે ઈશ્વરની સ્તુતિ કરીએ છીએ કે તેમણે તેમના અદ્ભૂત આશીર્વાદો આપણા પર દુનિયા પરના તેમના વચન દ્વારા વરસાવ્યા છે.



*Nehemiah Bible College*

અમે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપાથી અમારી પ્રવૃતિઓ ફરી શરૂ કરી દીધી છે. અમારી **સેન્ટ પોલ મેટ્રોક્યુલેશન સ્કૂલ** સારા શિક્ષણવિદો સાથે જુવાન બાળકોને તૈયાર કરવા આશીર્વાદિત થઈ છે. તેવી જ રીતે, અમારી **નહેમ્યા બાઈબલ કોલેજ** ગંભીરતાથી ૧૫ જાણીતા ધર્મશાસ્ત્રીઓની સહાયથી આગળ વધી રહી છે અને જુવાન પુરૂષો અને સ્ત્રીઓને તાલિમ આપી રહી છે, નિયમિત અને નિવાસી કોલેજો મારફત તથા પત્રવ્યવહાર અભ્યાસક્રમો મારફત, આવનાર પેઢીને મહાન સુવાર્તા જણાવવા માટે.




*St. Paul's Matriculation School*

અમે ૪૦ બાઈબલ વિદ્વાનોનો આભાર માનીએ છીએ, જેઓ અમારા ૧૬ ભાષાઓમાં છપાતા **ઈકો ઓફ હીજ કોલ** સામયિક માટે સહસંપાદકો અને સહ સહાયક સંપાદકો તરીકે કામ કરી રહ્યા છે. આપણા પ્રભુ ઈસુએ અમને અમારા વહીવટી કાર્યાલયો માટે અને સુવાર્તા છાપખાના માટે સારા કાર્યકર્તાઓ પૂરા પાડ્યા છે. પ્રભુના કાર્યમાં ઝડપી સેવા કરવા માટે અમને વધુ સેવકોની જરૂર છે.

અમારી મુખ્ય મંડળીમાં દર રવિવારે સવારે ૫.૩૦ થી સાંજે ૮.૦૦ વાગે સુધી છ ભજનસેવાઓ ભરાય છે, જેવી કે તામિલ, અંગ્રેજી, તેલગુ અને હિન્દીમાં. અમારી શાખા મંડળીઓ પણ તેમના શાખા પાળકો અને સહાયકો સાથે તેમના તેમના વિસ્તારોમાં અને સ્થળોમાં સારી રીતે કામ કરી રહ્યા છે.



અમારી મુખ્ય મંડળીના કાર્યકરો એક મીની બસમાં દર રવિવારે બપોરે અમારી સ્થાનિક મંડળીઓમાં જાય છે. અને બાળકોની સેવાઓ ચલાવે છે અને સારા નાગરીકો તૈયાર કરી રહ્યા છે.



*Sunday Church Services*

૩૧મી ઓગસ્ટ


**Our Ministries:** ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) ✿ BIBLECOR - Postal Courses (3 languages) ✿ Online Courses ✿ Theological Correspondence Courses (2 languages) ✿ Church Planting ✿ Nehemiah Bible Colleges ✿ Gospel Printing Press ✿ Great Commission Partners ✿ St. Paul's Matriculation School ✿ Crusades ✿ Community Development

૨૦૨૨ના રોજ આખો દિવસ સવારથી સાંજ સુધી બાળકો માટે, બાઈબલ કોલેજના વિદ્યાર્થીઓ માટે તેમજ મંડળીના આગેવાનો માટે અમારી મંડળીમાં યૂથ રીટ્રીટ રાખવામાં આવી હતી. બેંગ્લોરના રેવ. ડો. સન્ની પ્રસાદે સંસાધન વ્યક્તિ તરીકે સેવા આપી હતી. ગુજરાતના રેવ. નયન રંજન બીરોએ અમારી મુલાકાત લીધી હતી, અમારી સાથે રહ્યા હતા, અને



*Rev. Sam Selva Raj &*
*Rev. Nayan Ranjan Beero*

અમારા બાઈબલ કોલેજના વિદ્યાથીઓ માટે તા. ૧૫મી ઓગસ્ટથી ૨૦ ઓગસ્ટ સુધી ખાસ વર્ગો ભરાવ્યા હતા.

જેઓ ભારતમાં અને પડોશી દેશોમાં સુર્વાતાના કામ માટે સખત મહેનત કરી રહ્યા છે, તેવા આ પુરૂષો અને સ્ત્રીઓ માટે અમને તમારી પ્રાર્થનાઓની જરૂર છે.

તમારા માટેની અમારી સતતની પ્રાર્થનાઓની ખાતરી રાખશો. ઈશ્વર તમને આશીર્વાદ આપો.

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**
**પાળક એસ. સામ સેલ્વ રાજ અને એલેક્ષ સેમસન સામ**
(+91) 98412 71858 / 98410 71858,
E.mail : samselvaraj333@gmail.com

(પાન ૧ પરથી આગળ...)

જ્યારે આપણે યહોશુઆના જીવન વાંચીએ છીએ, આપણે સમજીએ છીએ કે તેણે અધ્યાય ૨૪માં મોટા પડકારનો સામનો ર્ક્યો હતો. ઈશ્વરે યહોશુઆ સાથે વાત કરી હતી, "હું ઈસ્રાએલલોકોને મિસરમાંથી બહાર કાઢી લાવ્યો હતો. મેં શરૂઆતથી તેમને આશીર્વાદિત ર્ક્યા હતા અને મારું નામ આપ્યું હતું. જ્યારે તેઓએ સહાય માટે મને પોકાર ર્ક્યો, ત્યરે હું તેમની સાથે રહ્યો હતો અને તેઓને સંભાળી રાખ્યા હતા. મેં તેમને સર્વ અંધકારોમાંથી છોડાવ્યા હતા અને તેમને લાલ સમુદ્ર પાર કરાવ્યો હતો, કોરી ભૂમિ પર ચલાવીને. જ્યારે મિસરીઓનું સૈન્ય તેમની પાછળ પડ્યું હતું, ત્યારે મેં તેમને છટકવાનો માર્ગ કરી આપ્યો હતો." આ સર્વ સારી બાબતો જે યહોવા પ્રભુએ ઈસ્રાએલલોકો માટે કરી હતી, તેનું વર્ણન ર્ક્યા પછી, યહોશુઆ હવે પૂછે છે, **"તમે કોની સેવા કરશો?"**

**યહોવા પ્રભુની સેવા કરવા માટે આપણી પાસે મહત્વાકાંક્ષા હોવી જ જોઈએ. યહોવા પ્રભુની સેવા કરવા માટે આપણી પાસે તે દર્શનની અને સાક્ષાત્કારની માન્યતા હોવી જ જોઈએ. આ દિવસોમાં એ જોવું દુઃખદાયક છે કે જેઓ બચાવ પામ્યા છે અને બાપિસ્મા લીધું છે, તેઓ તેમની પરિસ્થિતિઓ અનુસાર બદલાય છે કેમ કે તેઓ તેમના દર્શનમાં યહોવા પ્રભુની સેવા કરવા માટે મજબૂત નથી, તેથી જ્યારે પરિસ્થિતિ બદલાય છે, ત્યારે તેઓ હારી જાય છે!**

યહોશુઆ કહ્યું, **"પણ હું ને મારા ઘરનાં તો યહોવાની જ સેવા કરીશું."** લોકોએ ઉત્તર આપ્યો અને કહ્યું કે "દેવ એવું ન થવા દો કે યહોવાને મૂકી દઈને અમે બીજા દેવોની સેવા કરીએ. "જેમને આપણે વધુ પ્રેમ કરીએ છીએ, તેમની આપણે ભક્તિ કરીએ છીએ. પ્રભુ યહોવા ઈશ્વર પણ અપેક્ષા આપે છે કે તેમના બાળકો ફક્ત અને ફક્ત તેમની જ ભક્તિ કરે. આ બાબતમાં તે આસ્થાવાન ઈશ્વર છે. જેઓ સમયો અનુસાર તેમની માન્યતાઓ અને સિધ્ધાંતો બદલે છે, એવા લોકો સાથે તેઓ ખૂશ રહેતા નથી. તેઓ ફક્ત એવા લોકોને જ આશીર્વાદ આપશે, જેમની પાસે આત્મિક દર્શન છે અને તેઓ તે પ્રમાણે રહે છે. ઘણા લોકો એવા છે જેઓ એવી પરિસ્થિતિઓમાં રહે છે જ્યાં તેમને યહોવા પ્રભુની ભક્તિ કરતા અને તેમને અનુસરવાની સારી સ્થિતિ હોતી નથી. જો કે ઘણા ઈસુને અનુસરવા માગે છે, પણ તેમનો સમાજ તેમને તેમ કરવા દેતો નથી. પણ હું તમને યાદ અપાવવા માંગુ છું કે "ઈશ્વર તેમના બાળકોને ક્યારેય તજી દેશે નહિ." તેઓ નક્કી ઘરનાં સઘળાને બચાવશે. **"...પ્રભુ ઈસુ પર વિશ્વાસ કર, એટલે તું તથા તારા ઘરનાં સર્વ માણસો તારણ પામશે."** (પ્રેરિતોનાં કૃત્યા ૧૬:૩૧). ઈશ્વરનું વચન ખાતરી આપે છે જો તે ઘરમાં એક વ્યક્તિ પણ પ્રભુ ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કરશે, તો તેમનું આખું કુટુંબ બચાવ પામશે.

જેઓ ખ્રિસ્તને અનુસર્યા છે, તેઓ કોઈપણ ભટકી ગયા નથી. આજે પણ આપણે જોઈ શકીએ છીએ કે દુનિયાના મહાન આગેવાનો એ છે જેઓ પ્રભુ ઈસુને અનુસર્યા હતા. ઈશ્વરે પોતે આખા જગત પર રાજ ર્ક્યુ છે. સર્વ ખંડોના બધા લોકો તેમના પરાક્રમી નામની ઓળખ પામી રહ્યા છે. યહોશુઆની જેમ આવો આપણે સર્વ પ્રભુ યહોવાની સેવા કરીએ અને આવો આપણા કુટુંબના દરેક સભ્યમાં પ્રભુ યહોવાની સદાકાળ માટે સેવા કરવાની મહત્વાકાંક્ષા રાખીએ!

જો તમે "છૂપા ખ્રિસ્તીઓ" છો અને ઈસુ ખ્રિસ્તને ખુલ્લી રીતે કબૂલ કરતા ના હો, તો તમારા માટે સમય આવ્યો છે કે તમે તમારી જીવનશૈલી બદલો. ઈસુએ કહ્યું, **"માટે માણસોની આગળ જે કોઈ મને કબૂલ કરશે, તેને હું પણ મારા આકાશમાંના બાપની આગળ કબૂલ કરીશ."** (માથ્થી ૧૦:૩૨)

બાઈબલ તમને હમેશાં ભયયૂક્ત જીવન જીવવાની પરવાનગી આપતું નથી. જો આપણી પ્રાર્થનાઓ આકાશ સુધી પહોંચવી જોઈએ તો આપણે પ્રભુ ઈસુએ આપણા જીવનોમાં શું ર્ક્યુ છે તે જાહેર રીતે કબૂલ કરવું જોઈએ. તેથી, ઈસુ માટે નીડરતાથી જીવો. યહોશુઆ એક ઐતિહાસિક બાઈબલનું પાત્ર હતો કે જેના જીવનમાં યહોવા પ્રભુએ મહાન ચમત્કારો અને અલૌકિક દરમિયાનગીરીઓ કરી હતી. જ્યારે તેનો સમાજ યહોવા પ્રભુની આગળ આનંદી

જીવન જીવવામાં નિષ્ફળ ગયો હતો, ત્યારે તે તેની આત્મિક માન્યતાઓમાં મજબૂત હતો અને તેના લોકોની આગળ તેમજ તેના ઈશ્વર યહોવા પ્રભુની આગળ વિજયી જીવન જીવ્યો હતો. જો કે તમે પ્રતિકૂળ પરિસ્થિતિઓની મધ્યમાં જીવતા હો, તો, જો તમે પ્રભુ ઈસુની ભક્તિ કરવામાં મહત્વાકાંક્ષી વ્યક્તિ તરીકે બદલાઓ તો, તમે તેમાંથી સફળતાપૂર્વક બહાર આવી શકો છો.

## ૨. મહત્વાકાંક્ષી લોકો જેઓ ઈશ્વરને અને ઈશ્વરની મંડળીને પ્રાથમિકતા આપે છે

બાઈબલ કહે છે, "**પણ તમે પહેલા તેના રાજ્યને તથા તેના ન્યાયીપણાને શોધો, એટલે એ બધાં વાનાં પણ તમને અપાશે.**" (માથ્થી ૬:૩૩). ઈસુ ઈચ્છે છે કે આપણે પ્રથમ ઈશ્વરનું રાજ્ય શોધીએ. પણ દુન્યવી લોકો પ્રથમ પૈસા શોધવાની ઈચ્છા રાખે છે અને વિચાર કરે છે કે ફક્ત પૈસાથી જ સર્વ સુખ પ્રાપ્ત કરી શકાય છે! પણ બાઈબલ તેનાથી ઉલટું જાહેર કરે છે! જ્યારે તમે ઈશ્વરના રાજ્યમાં પહોંચવાના માર્ગો શોધો છો, દરેક આશીર્વાદો જેની આ દુનિયામાં તમને જરૂર છે, તે તમારી પાછળ પાછળ આવશે. જ્યારે આપણે દુન્યવી આશીર્વાદો માટે ચિંતા કરીએ છીએ, ત્યારે ઈસુ તેને માટે એમ કહે છે, "**ઓ અલ્પવિશ્વાસીઓ**" (માથ્થી ૬:૩૦). સામાન્યરીતે, આપણે મોટે ભાગે એ બાબતો માટે ચિંતા કરતા નથી, જે બાબતો માટે આપણે ચિંતા કરવી જોઈએ. તેને બદલે, આપણે ઓછી મહત્વની બાબતો માટે ચિંતા કરીએ છીએ. ઈસુ આપણને કહે છે કે, આપણે આપણા ખોરાક, વસ્ત્ર અને દુન્યવી જરૂરીયાતો માટે ચિંતા કરવી ન જોઈએ. જ્યારે ઈશ્વર જંગલી ફૂલોને સુંદર રીતે ખીલવા દે છે અને જંગલી પક્ષીઓ અને પ્રાણીઓને સઘળું પૂરું પાડે છે, તો શું તેઓ તમને અને મને પૂરૂ પાડશે નહિ? જ્યારે આપણે યહોશુઆ વિશે વાંચીએ છીએ, ત્યારે આપણે અહિં એક પ્રશ્નનો સામનો કરીએ છીએ, "**તમે શાના માટે ચિંતા કરો છો?**" જવાબ છે, "આપણે ઈશ્વરના રાજ્યને માટે અને તેમના ન્યાયીપણાને શોધવા માટે ચિંતા કરવી જોઈએ. પણ આજના ખ્રિસ્તીઓ પ્રાથમિકરીતે દુન્યવી આશીર્વાદોને શોધે છે અને દુન્યવી બાબતોને પ્રથમ સ્થાન આપે છે, તેમને માટે ઈશ્વરનું રાજ્ય અને તેમનું ન્યાયીપણું ઓછું મહત્વનું છે. પણ તેમણે યાદ રાખવું જોઈએ કે તેઓ પહેલેથી જ નિષ્ફળતાના રસ્તે જવાની શરૂઆત કરી ચૂક્યા છે!

ઓ ભાઈઓ તથા બહેનો! શું તમે હતાશ અને હારેલા અનુભવો છો? જો તમે તમારા કુટુંબના સભ્યોને એકઠા કરશો અને ઈસુને પ્રાર્થના કરશો, તો તેઓ તમારો સર્વ ભાર અને ચિંતાઓ લઈ લેશે; તમારું દેવું ચૂકવાઈ જશે, તમારું કુટુંબ અને તમારા બાળકો આશીર્વાદિત થશે; તમારા બાળકોનું ભવિષ્ય ઊજળું હશે. જો તમે તમારી જુવાનીમાં જ ઈસુમાં સારું જીવન જીવવાનું નક્કી કરશો અને જ્યારે તમે તમારી વૃધ્ધાવસ્થા તરફ જોશો, તો તમે જોશો કે તમે ખરેખર વિજયવંત જીવન જીવ્યા છો! જેઓ યહોવા પ્રભુનું ભય રાખે છે, તેમને બાઈબલ ખાતરી આપે છે, "તુ તારે હાથે મહેનત કરીને ખાશે." (ગીતશાસ્ત્ર ૧૨૮;૨) આવા આશીર્વાદો પ્રાપ્ત કરવા માટે, ઈશ્વરનું રાજ્ય શોધવાનો પ્રયત્ન કરો.

ઈશ્વર માટેની તમારી સેવા અટકી જવાથી અને બાહ્ય પ્રભાવથી મુક્ત હોઈ શકે છે. જ્યારે તમે દુન્યવી બદલાની અપેક્ષા વગર કામ કરો છો, ત્યારે ઈશ્વર આકાશમાંથી તમને આશીર્વાદ આપવા રાજી થશે. તમારી સેવા નાની હોય કે મોટી હોય, તેને આનંદથી સ્વીકારો અને તે સંપૂર્ણ હૃદયથી કરો. તે તમને સંપૂર્ણ આશીર્વાદો લાવશે. ઈશ્વર તમને તેમની વખતસરની સહાય મોકલશે. તેઓ તમને આ દુનિયામાં જ્યા સઘળી માંદગીઓ અને દુઃખો છે, તેમાં દિલાસો આપશે. તેઓ તમારા જીવનોના અંત સુધી તમારી સર્વ જરૂરીયાતો પૂરી પાડશે. જે આશીર્વાદો

(પાન ૬ પર...)


नहेम्याह बाइबल कॉलेज
रेसिडेन्शल कॉलेज, चेन्नई।

माध्यमः हिन्दी

ECHO OF HIS CALL 1968-2018 (ECHO GROUP)

सदस्यता के लिए पंजीकृत उम्मीदवार - ATA

Regd. Candidate for Membership ATA NEHEMIAH BIBLE COLLEGE CHENNAI ECHO OF HIS CALL Estd: 1968

सुविख्यात अंतर्राष्ट्रीय मसीही अगुवे तथा पिछले 53 वर्षों से सेवारत वरिष्ठ पासवान

सर्टिफिकेट इन थियोलॉजी – 1 साल
डिप्लोमा ऑफ थियोलॉजी – 2 साल

योग्यता 10 वी या अधिक
जल्दी करें!

Contact : The Chairman, Nehemiah Bible College.
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org
★ ऑनलाइन कक्षाएं उपलब्ध हैं ★

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ ઓક્ટોબર ૨૦૨૨ થી ૧૮ નવેમ્બર ૨૦૨૨ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ✝ સ્તુતિનાં મુદ્દાઓ

**૧૯ ઓક્ટોબર** : કૃપાળુ રીતે સુવાર્તા સાથે અમને વણખેડાયેલા વિસ્તારોમાં પહોંચવામાં સહાય કરવા માટે.

**૨૦ ઓક્ટોબર** : અમારા મુખ્ય અને શાખા ચર્ચોમાં વધુ વિશ્વાસીઓ પરના તેમના આશીર્વાદ માટે.

**૨૧ ઓક્ટોબર** : અમારા મુખ્ય ચર્ચમાં પુરૂષોની સભા પરના તેમના આશીર્વાદો માટે.

**૨૨ ઓક્ટોબર** : ૧૬ ભાષાઓમાં છપાતા અમારા સામયિક પરના તેમના આશીર્વાદો માટે, જે અમારા છાપખાનામાં છપાય છે અને મિશન વિસ્તારોમાં મોકલવામાં આવે છે.

**૨૩ ઓક્ટોબર** : અમારા **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ, નહેમ્યા બાઈબલ કોલેજ** અને ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો માટે.

**૨૪ ઓક્ટોબર** : અમારા મુખ્ય ચર્ચમાં મહિલાઓની સભા માટે.

**૨૫ ઓક્ટોબર** : ઈશ્વરવિદ્યાના સંમેલનો નિયમિત અમે ભરી શક્યા છે તે માટે.

**૨૬ ઓક્ટોબર** : ૧૯૬૯થી અમારી સામયિક મિનિસ્ટ્રીમાં અમારી સર્મપિતતા પર તેમના આશીર્વાદો માટે.

**૨૭ ઓક્ટોબર** : અમારા કાર્યકરો પર તેમના આશીર્વાદો વહેડાવવા માટે.

**૨૮ ઓક્ટોબર** : અમારા પ્રાર્થના ભાગીદારો, લવાજમ, ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવન સાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબો પરની તેમની દયા માટે.

**૨૯ ઓક્ટોબર** : **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી**ના ૫૪માં વર્ષમાં પ્રવેશવા માટે તેમના મહાન આશીર્વાદો માટે.

**૩૦ ઓક્ટોબર** : અમને ૫૪માં વર્ષની ઉજવણીને માટે કરવામાં આવેલા સમારંભ કાર્યક્રમ ભરાવવામાં સહાય કરવા માટે.

**૩૧ ઓક્ટોબર** : બીજી મિનિસ્ટ્રીજને પણ અમે સહાય કરી શક્યા તે માટે.

**૦૧ નવેમ્બર** : પાછલા મહિનાની સર્વ નાણાકીય અને આત્મિક જરૂરીયાતો પૂરી પાડવા માટે.

**૦૨ નવેમ્બર** : પાછલા મહિનાની **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજ**ની સર્વ પ્રવૃત્તિઓ માટે

**૦૩ નવેમ્બર** : આપણા વડીલ પાળક એસ સામ સેલ્વરાજ પર અને તેમના કુટુંબ પર ભરપૂર આશીર્વાદો માટે.

## ✝ પ્રાર્થનાનાં મુદ્દાઓ

**૦૪ નવેમ્બર** : અમારા સહસંપાદકો અને તેમના કુટુંબના સભ્યો માટે.

**૦૫ નવેમ્બર** : અમારા ભાગીદારો અને તેમના કુટુંબના સભ્યો માટે.

**૦૬ નવેમ્બર** : અમારી બહેન જેસી વીણા સામ સેલ્વરાજ માટે, જેઓની તબિયત સારી નથી.

**૦૭ નવેમ્બર** : અમારા વડીલ પાળકને તેમની આત્મકથા લખવામાં સફળતા માટે.

**૦૮ નવેમ્બર** : સર્વ ખ્રિસ્તી સંસ્થાઓ અને મિશનરીઓ માટે.

**૦૯ નવેમ્બર** : દુનિયાભરના સર્વ દેશોમાંથી કોરોના વાયરસની સંપૂર્ણ નાબૂદી માટે.

**૧૦ નવેમ્બર** : દુનિયાભરમાં શાંતિ માટે.

**૧૧ નવેમ્બર** : મહિલાઓ તથા બાળકોની વિરૂદ્ધ થતા અત્યારો સામે ઈશ્વરના રક્ષણ માટે.

**૧૨ નવેમ્બર** : આ મહિનાની **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજ** માટે જરૂરી નાણા પૂરા પાડવા માટે.

**૧૩ નવેમ્બર** : સર્વ ખ્રિસ્તી સંસ્થાઓ અને ચર્ચો/મંડળીઓ પર આશીર્વાદ અને રક્ષણ માટે.

**૧૪ નવેમ્બર** : આપણા દેશની સર્વ બાબતોનાં એકતા અને પ્રગતિ માટે.

**૧૫ નવેમ્બર** : સર્વ વિશ્વાસીઓના હૃદયોની આંખોને પ્રકાશિત કરવા માટે.

**૧૬ નવેમ્બર** : આપણા **નહેમ્યા બાઈબલ કોલજ**ના વિદ્યાર્થીઓ માટે, અને તેમના અભ્યાસ માટે.

**૧૭ નવેમ્બર** : આ વર્ષે આપણી સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલમાં વધુ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકે તે માટે.

**૧૮ નવેમ્બર** : અમારા વડીલ પાળક એસ. સામ. સેલ્વરાજ અને તેમના કુટુંબના સભ્યોની સલામત માટે.

(પાન ૪ પરથી આગળ...)

આપણે ઈશ્વરના હાથોથી સંપૂર્ણપણે પ્રાપ્ત કરીએ છીએ, તે આરોગ્યપ્રદ, સંપૂર્ણ અને શાનદાર છે. આપણે ઈશ્વરના રાજ્યને અને તેમના ન્યાયીપણાને શોધનારા ખરા મહત્વાકાંક્ષા સાથેના વ્યક્તિ બનવું જોઈએ, જેથી આપણે ઈશ્વર પાસેથી ઉપરના સર્વ આશીર્વાદો મેળવી શકીએ!

**મંડળીમાં સાથે એકઠા મળો :**

આજકાલ મોટી સંખ્યામાં ખ્રિસ્તીઓ દર રવિવારે ઈશ્વરનું ભજન કરવા ભક્તિસભામાં હાજરી આપવાનું અવગણે છે. આમ તેઓ સાબિત કરે છે કે તેઓને હવે તેમની પોતાની મંડળીઓ સાથે યોગ્ય બંધન કે જોડાણ નથી, જે ઈશ્વર તરફથી તેમને મળેલું છે. તેઓ ખોટી રીતે કહેવાતા નવા ઈશ્વરના સેવકો, પ્રસાર માધ્યમો જેવા કે ટેલિવિઝન, યૂટ્યૂબ વગેરેથી આકર્ષાય છે અને તેમને મળેલા પાળકોને અને મંડળીઓને છોડી દે છે. આ અત્યંત જોખમી બાબત છે.

અ) ઈશ્વરની સહાયથી પ્રભુ ઈસુ ખ્રિસ્તના દરેક વિશ્વાસીએ સારા પાળક અને મંડળીને શોધવી જોઈએ.

બ) તેઓએ પોતાની જાતને તે પાળક સાથે અને મંડળી સાથે જોડાવવી જોઈએ અને મંડળીની દરેક પ્રવૃતિઓમાં સહભાગી થવું જોઈએ.

ક) તેઓએ પાળકને અને મંડળીને સંપૂર્ણ હૃદયથી સહાય કરવી જોઈએ અને જેમ યહોવા પ્રભુ દોરે તેમ યહોવા પ્રભુની સેવા કરવી જોઈએ.

**“જેઓને યહોવાના મંદિરમાં રોપવામાં આવેલા છે, તેઓ આપણા દેવનાં આંગણામાં ખીલી રહેશે.”** (ગીતશાસ્ત્ર ૯૨:૧૩)

**૩ મહત્વાકાંક્ષી વ્યક્તિઓ જેઓ ઈશ્વરનો હેતુ પરિપૂર્ણ કરે છે.**

પ્રભુ ઈસુ જ્યારે આ જગતમાં હતા, ત્યારે તેમની પાસે ખાસ હેતુ હતો. ઘણા લોકો વિવિધ અપેક્ષાઓ સાથે તેમની પાછળ દોરાયા હતા. તેમણે ઘણી ફરજો પાર પાડવાની હતી અને તેમને ઘણી અપેક્ષાઓ હતી. તો પણ, તેઓ તેમના હેતુને પરિપૂર્ણ કરવામાં સાવચેત હતા, જેને માટે યહોવા પ્રભુએ તેમને મોકલ્યા હતાઃ **“જેણે મને મોકલ્યો છે, તેની ઈચ્છા પૂરી કરવી, અને તેનું કામ પૂર્ણ કરવું, એ મારું અન્ન છે.”** (યોહાન ૪:૩૪).

આ જગતમાં ઈસુએ તેમના હેતુને પરિપૂર્ણ કરવા માટે ઘણા અવરોધોનો અને વિરોધોનો સામનો કર્યો હતો. **તેમના સમયના લોકોએ તેમના પર વિશ્વાસ કર્યો નહોતો.** (માથ્થી ૧૩:૫૮). **તેમને મસીહા તરીકે સ્વીકારવામાં આવ્યા ન હતા.** (યોહાન ૧:૧૧) **તેઓએ તેમનો વિરોધ કર્યો હતો.** (માથ્થી ૮:૩૪). **તેઓએ સુતારના દીકરા તરીકે તેમની મજાક ઉડાવી હતી.** (માથ્થી ૧૩:૫૫). **તેઓએ તેમને અનિચ્છનીય સવાલો પૂછ્યા હતા, ત્યારે તેઓ દુઃખી થયા હતા.** (યોહાન ૮:૬). **તેઓએ તેમને કોરડા મરાવ્યા હતા.** (માથ્થી ૨૭:૨૬) તેઓ તેમના પર થૂક્યાં હતા. (માર્ક ૧૫:૧૯). **તેમને વધસ્તંભે ખીલા મારીને જડવામાં આવ્યા હતા. અને તેમને મારી નાખવામાં આવ્યા હતા.** (માર્ક ૧૫:૨૪).

આ સર્વ કડવા અનુભવો વચ્ચે, ઈસુ જે કામ માટે આ જગતમાં આવ્યા હતા, તે કામ તેમણે છોડી દીધું નહિ. તેમના પિતાનો હેતુ પરિપૂર્ણ કરવો એ તેમની મહત્વાકાંક્ષા હતી. આપણે પણ તેમના જેવા થવું જોઈએ.

**વહાલા ઈશ્વરના બાળકો, જીવનમાં તમારી મહત્વાકાંક્ષા શું છે? તમારે ઈશ્વરને પ્રસન્ન કરવા જ જોઈએ. જો તમે ઈશ્વરની યોજના પરિપૂર્ણ કરવાની તમારી મહત્વાકાંક્ષામાં મજબૂત હશો, તો તેઓ ચોક્કસ તમને આશીર્વાદ આપશે.**

**૪. મહત્વાકાંક્ષી લોકો જેઓ તેમનું કાર્ય પૂરૂ કરે છે.**

**“જે કામ કરવાનું તે મને સોપ્યું છે તે પૂરૂં કરીને મેં તને પૃથ્વી પર મહિમાવાન કર્યો છે.”** (યોહાન ૧૭:૪). જ્યારે ઈસુ આવી રીતે પ્રાર્થના કરતા હતા, ત્યારે


**નહેમ્યાહ બાઈબલ સાંધ્ય કોલેજ**

**ચેપોક તથા સંથોષપૂરમ, ચેન્નાઈ**

**માધ્યમ : તામિલ**

સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર – ATA
આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો
દ્વારા છેલ્લા ૫૩ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.

**ઇશ્વર વિદ્યામાં સર્ટીફિકેટ : એક વર્ષ**
**ઇશ્વર વિદ્યામાં ડિપ્લોમા : બે વર્ષ**

**શૈક્ષણિક પાત્રતા : ૧૦મું અને વધુ**

**પ્રવેશ લેવા ઝડપ કરો!**
મહેરબાની કરીને સંપર્ક કરો

**Contact : The Chairman, Nehemiah Bible College.**
10, MOHAMMED ABDULLAH 2ND STREET, BELLS ROAD, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

આપણે ચોક્કસ સમજવું જોઈએ કે આપણે કાર્ય ચોક્કસરીતે કરવાની જવાબદારી રાખવી જોઈએ, જે ઈશ્વરે આપણને આપ્યું છે. પાઉલ પ્રેરિત કહે છે, "**હવે જુઓ, હું આત્માના બંધનમાં યરૂશાલેમ જાઉં છું, ત્યાં મારા પર શું વીતવાનું છે એ હું જાણતો નથી; માત્ર હું એટલું જ જાણું છું કે, દરેક શહેરમાં પવિત્ર આત્મા મને એવી સાક્ષી આપે છે કે બંધનો તથા સંકટો તારી રાહ જુએ છે. પણ હું મારો જીવ વહાલો ગણીને તેની કંઈ પણ દરકાર કરતો નથી, એ માટે કે મારી દોડ અને દેવની કૃપાની સુવાર્તાની સાક્ષી આપવાની જે સેવા પ્રભુ ઈસુ પાસેથી મને મળી છે તે હું પૂર્ણ કરું.**" (પ્રેરિતોનાં કૃત્યો ૨૦:૨૨-૨૪)

પાઉલ પ્રેરિત કહે છે કે તે સેવાકાર્ય પૂરૂ કરવાની ઈચ્છા રાખતો હતો, જે તેને પ્રભુ ઈસુ તરફથી કરવા આપવામાં આવ્યું હતું. તેજ સેવાકાર્ય આપણા હાથોમાં પણ સોંપવામાં આવ્યું છે. ઈશ્વરે કોઈને પણ કોઈ હેતુ વગર તેડ્યા નથી. જ્યારે ઈશ્વર કોઈ માણસને અંધકારમાંથી છોડાવે છે અને તેને પોતાના બાળકો તરીકે બદલે છે, ત્યારે ઈશ્વર તેને ચોક્કસ કાર્ય સોંપે છે અને તે પૂર્ણ કરવાની જવાબદારી આપે છે. વ્યક્તિએ તેમના હેતુંમાં અંત સુધી ટકી રહેવું જોઈએ અને ઈશ્વરે આપેલું કાર્ય પરિપૂર્ણ કરવું જોઈએ. આ દિવસોમાં, ઘણા મોટી યોજનાઓ સાથે શરૂ કરે છે અને તે કરવાની શરૂઆત કરે છે. પણ જ્યારે તેઓ અવરોધોનો સામનો કરે છે, તેઓ તે અધવચ્ચે છોડી દે છે અને બીજા કોઈ માર્ગમાં ફરી જાય છે. અંતે તેઓ મોટી નિષ્ફળતાને પકડી લે છે. જો તમારી પાસે દૂરદર્શિતા હશે, તો તમારે તે દૂરદર્શિતાને વળગી રહેવું જોઈએ, જે તમારા જીવન કરતા પણ વધુ હોય. કોઈ વ્યક્તિ મહત્વાકાંક્ષા સાથે દૈહિક મરણથી ગભરાતો નતી.

આજે જ્યારે હું આ વચનોનો ઉપદેશ આપું છું, ત્યારે જે લોકો જુએ છે તેઓ

પાન ૯ પર આગળ...

## તાકીદના સમાચારો

### તમારા સેલ ફોન સંદેશાઓ!

અમને દરરોજ અમારા મિત્રો તરફથી અમારા સેલ ફોન પર ઘણી બધી તસવીરો અને બાઈબલની કલમો પ્રાપ્ત થાય છે. હકીકતમાં, તે સર્વને ખોલીને જોઈ શકવું અમારા માટે શક્ય નથી. તેમને અમારા સેલ ફોનમાંથી કાઢી નાખવા સિવાય અમારી પાસે બીજો કોઈ વિકલ્પ નથી. તેથી અમે પ્રેમથી તથા નમ્રતાથી તમને વિનંતી કરીએ છીએ કે કૃપા કરીને અમારા સેલ ફોન પર બાઈબલની કલમો, સામાન્ય સંદેશાઓ અને તસવીરો મોકલવાનું ટાળશો. પણ તમે ક્યારેય પણ તમારી પ્રાર્થના વિનંતીઓ અને ખાસ સંદેશાઓ મોકલી શકો છો. તે માટે તમારું સ્વાગત છે. તમારી સમજદારી માટે અમે તમારા આભારી છીએ!

**-પાળક એસ. સામ સેલ્વ રાજ**

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂ.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

**The Chairman, Nehemiah Bible College,**
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in

## ઈકો ઓફ હીજ કોલ

### માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| Account Name | : | ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : | 1023 2923 805 |
| Bank Name | : | STATE BANK OF INDIA |
| Branch | : | TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

"જે વાંચે, તે સમજે" (માથ્થી ૨૪:૧૫)

# પ્રકાશનમાં મારા દર્શનની પ્રગતી

## PROGRESS OF MY VISION IN PUBLICATIONS!




ભાઈ એન. જેવાનંદમ



રેવ એસ. દેવાદાસન

મારા શાળાના દિવસોથી જ હું પુસ્તકો વાંચવામાં ઘણો રસ ધરાવતો હતો. જાણીતા ખ્રિસ્તી સામયિકો જેવા કે ભાઈ **એન. જેવાનંદમનુ** "મેગીઝય" અને રેવ **એસ. દેવાદાસનનું** "હેરોલ્ડ ઓફ હિજ કમિંગ" મારા માટે મોટા ઉત્તજનદાયક અને આગળ વધાવનારા હતા. ઈશ્વર તરફથી આકાશ તથા પૃથ્વી વિશે મળેલા આ આશીર્વાદોને છાપેલ પૃષ્ઠો દ્વારા પ્રસિદ્ધિમાં લાવવાની મારી ઊંડી ઈચ્છા હતી. પરંતુ મારી પાસે લેખન સામગ્રીઓ ખરીદવા માટે જરૂરી નાણા ન હતા.




Registered with the Registrar of News Paper For India under R.N.I. 11967/'67

வருகை யின் தூதன்

These who turn the world upside down. Acts.17:6.

Vol. 68



તેથી, મેં દરરોજ મારી પ્રેરણાઓ અને સાક્ષાત્કારોના અનુભવોને કાગળના ટૂકડાઓ પર નિયમિતપણે લખવાનું શરૂ કર્યુ; અને તે કાગળો પર હાથ મૂકીને પ્રાર્થના કરવા લાગ્યો અને આગળ વધવા માટે ઈશ્વર પાસે માર્ગદર્શન માગવા લાગ્યો. મારા લખેલા કાગળો મારા ઓરડામાં ઘણા વધી ગયા હતા, તેથી હું ઘણો ચિંતિત બની ગયો હતો. તેથી કપડા તથા બીજી વસ્તુઓ ખરીદવાને બદલે, જેને માટે મને ખીસ્સા ખર્ચ મળતો હતો, મેં ઘણા કાગળો, પેન, શાહી વગેરે ખરીદવાનું શરૂ કર્યુ, અને જે પ્રભુ પાસેથી મને સંદશાઓ પ્રાપ્ત થતા હતા, તે લખવાની શરૂઆત કરી અને બીજાઓને વહેંચવા લાગ્યો.

જ્યારે પણ હું તે છાપેલા સંદેશાઓ મારા મિત્રોને તથા જેઓને હું મળી શકતો હતો, તેમને વહેંચતો હતો, તેઓ તેમના ખુબ વખાણ કરતા અને મને પ્રોત્સાહિત કરવા હતા. થોડા મહિનાઓનાં, મેં આ સંદેશાઓ ટાઈપ કરીને લખેલા કાગળો મારફત તથા સાયક્લોટાઈપ મશિનથી કાઢેલા કાગળો સાથે વહેંચવાનું શરૂ કર્યુ, જેમને હું મારા માથા પર તથા ખભા પર ઊંચકીને લઈ જતો. ફરીથી, કેટલાક સમય પછી, મેં આ સંદેશાઓની છાપેલી વધુ પ્રત્રોના કાગળો સાથે વહેંચવાની શરૂઆત કરી અને પછી મેં મારી છાપખાનાની સેવા શરૂ કરી.



*Mr. M. Munusami*

સૌ પ્રથમ, અમે **ઈકો ઓફ હીજ કોલ** – તામિલ અને અંગ્રેજીમાં શરૂ કર્યુ, જે દ્વિમાસિક સમાચારપત્ર હતું, પછી તામિલ અને અંગ્રેજી પાક્ષિક સમાચારપત્ર શરૂ કર્યુ અને પછી તે બે જુદા જુદા નોંધણીકૃત સમાચારપત્રો થયા – જેવા કે તામિલ અને અંગ્રેજી માસિક સમાચારપત્રો. હવે માસિક સમાચારપત્રો તામિલ, અંગ્રેજી, સિંહાલા, મલયાલમ, આફ્રિકન્સ, તેલગુ, હિન્દી, કન્નાડા, મરાઠી, આસામી, બંગાળી, ઉર્દુ, નેપાળી, ગુજરાતી, ઓરીયા અને પંજાબી ભાષાઓમાં પ્રકાશિત થાય છે. **ઈકો ઓફ હીજ કોલ** એ એક માત્ર વૈશ્વિક ખ્રિસ્તી સામયિક છે જે ૧૬ ભાષાઓમાં નોંધણીકૃત સમાચારપત્રો તરીકે પ્રકાશિત થાય છે. તેઓ સર્વ ભારત સરકાર સાથે દરેક ભાષાના વ્યક્તિગત અખબારો તરીકે નોંધણી કરાયેલા નોંધણીકૃત સમાચારપત્રો છે. મારે તેમને મારી સાયકલ પર વિવિધ જગાઓએ લઈ જઈને વહેંચવા પડતા હતા અને પછી ઈશ્વરે મને મોટરસાયકલથી આશીર્વાદિત કર્યો કે જેના પર હું મારી દીકરી એન્જેલીના સેલ્વાકુમારી સાથે બેસીને દૂર સુધી સફર કરીને પહોંચાડતો હતો.



*Echo of His Call Magazines in 16 languages*



પાળક સૅમ દીકરી એન્જેલીના સેલ્વાકુમારી સાથે

જ્યારે હું તામિલ અને અંગ્રેજીમાંના મારા માસિક સામયિકો માટે લેખો લખું છું, ત્યારે ઈશ્વર મને અમારા સહ સંપાદકો, અનુવાદકો અને કાર્યાલયીન કર્મચારીઓ સાથે સહાય કરી રહ્યા છે, જેથી અમારા માસિક સમાચારપત્રો કોઈપણ જાતના અવરોધો વગર પ્રકાશિત થઈ શકે. તમારી પ્રાર્થના માટે અહિં નામો આપવામાં આવ્યા છેઃ બહેન સેરેના બેવીન, રેવ. ડો. કે. આર. રાજાસેકારાન, ડો. એ. રીચાર્ડ સેમ્યુએલ, રેવ. સ્ટેફન જોસેફ, ભાઈ જયારાથના ડે સોયસા, બહેન મંજુલા વિરાબાહુ, બહેન રેણુકા, રાજાપકક્ષા, સુવાર્તિક બેન્જામીન, મોસિસ, ભાઈ મોહનકુમાર, ડો. મારીઈતજી નેલ્સન, ભાઈ એન. મોહન બાબુ, બહેન ડોરોથી એસ. થોમસ, રેવ. આર. રામાકિષ્ણના, રેવ. શશી તિવારી, પાસ્ટર જોશુઆ રાજ, બહેન બોર્નાલી થાપા રાજ, રેવ. ડો. અંજન કુમાર સિંહ, ભાઈ ઈન્દ્રાજીત રોય, પાસ્ટર શિવિન્દર કુમાર, ભાઈ ભુવન દેવકોટા, ભાઈ રાજકુમાર ભંડારી, ભાઈ પંકજ સી. વાડિયા, બહેન સુરામા સેમ્યુએલ, ભાઈ આશિષ રમેશ બાલધારી, ભાઈ એન. પ્રકાસમ, બહેન ગીથા ગુરુસ્વામી, બહેન ઈ. ડેઈઝી રાની, બહેન એસ. થિરૂમગલ, ભાઈ જોન રોડ્રીગ્સ, ભાઈ સી. એંથોની રાજ, ભાઈ સી. જે. જોસેફ, બહેન ઈ. વિસાલાટચી, બહેન એસ. પ્રભાવથી, ભાઈ એમ. મની, ભાઈ કે. ઈન્દેશ કુમાર, ભાઈ એલ. મોહન, ભાઈ આર. ઈમ્માનુએલ પોલ અને ભાઈ વિજય. આ મારી દ્રષ્ટિમાં એક અદ્‌ભૂત વાત છે. **''આ કાર્ય યહોવાથી થયું છે; આપણી દ્રષ્ટિમાં તે આશ્ચર્યકારક છે.''** (ગીતશાસ્ત્ર ૧૧૮:૨૩).

**''તે દરિદ્રીઓને ધૂળમાંથી ઉઠાડે છે,... અને ભિખારીઓને ઉકરડા પરથી ઊભા કરે છે.''** (૧ શમુએલ ૨:૮)

* * *

(પાન ૭ થી આગળ...)

કદાચ વિચાર કે, ''હવે ભાઈ સામને શું સમસ્યા છે?'' પણ તેઓ તે જાણી શકશે નહિ કે પાછલા ૪૮ વર્ષોમાં મારી દૂરદર્શિતા અને મહત્વાકાંક્ષા પરિપૂર્ણ કરવા મેં કેટલી કિંમત ચૂકવી છે અને રોકાણ કર્યુ છે. અસંખ્ય પ્રસંગોએ શારીરિક નબળાઈઓ અને નાણાકીય સમસ્યાઓને લીધે હું ઘણા દબાણમાં આવી ગયો હતો. ઘણી વખત મારા પોતાના સગાઓ અને મારા વિશ્વાસુ મિત્રાએ મારા જીવનમાં મુશ્કેલીઓ ઊભી કરી હતી. ત્યાં આજે પણ કેટલીક શક્તિઓ છે જે દરરોજ ઈશ્વરે જે દૂરદર્શિતા મને આપી છે તેને પરિપૂર્ણ કરતા ખરેખર મને રોકે છે, અને મારી મહત્વાકાંક્ષાની મુસાફરીમાં અવરોધોના કારણો બને છે. **પણ હું મારી માન્યતામાં મજબૂત છું કે જે પ્રભુ ઈસુ મને સામર્થ્ય પુરૂ પાડે છે, તેમની સહાયથી હું બધું કરી શકું છું.** (ફિલિપ્પીઓને પત્ર ૪:૧૩). **''જેના પર મેં વિશ્વાસ કર્યો તેને હું ઓળખું છું.''** (૨ તિમોથીને પત્ર ૧:૧૨). અયૂબની સાથે હું કબૂલાત કરું છું કે, **''તે મને મારી નાખે તો પણ હું તેની રાહ જોઈશ.''** (અયૂબ ૧૩:૧૫). આ માન્યતાઓમાં હું મજબૂત છું. વહાલા વાચકો, શું તમે યહોવા પ્રભુની સેવા કરવામાં મહત્વાકાંક્ષાના વ્યક્તિ બની શકો છો?

સાંકળો તથા સતાવણીઓ યરૂશાલેમમાં તેની રાહ જોઈ રહ્યા છે એ જાણતો હોવા છતાં, પાઉલ તેના તેડાથી ફરી યો નહતો, જે તેને પ્રભુ પાસેથી મળ્યું હતું. તેણે તિમોથીને લખ્યું હતું, **''હું સારી લડાઈ લડ્યો છું, મેં દોડ પૂરી કરી ચે, વિશ્વાસ રાખ્યો છે.''** (૨ તિમોથીને પત્ર ૪:૭). દોડ પૂરી કરવા માટે આપણને ઈશ્વરે આપેલા તાલંતો અને કૃપાદાનોનો ઉપયોગ કરવા માટે આપણે આગળ આવવું એ ઈશ્વરે નક્કી કર્યુ છે. **તમારી જાતને મહત્વાકાંક્ષી વ્યક્તિ તરીકે બદલવા માટે સમર્પિત કરો, જેથી તમે કહી શકો, ''જે દોડ પૂરી કરવા માટે મને પસંદ કરવામાં આવ્યો છે, તે મેં આનંદથી પૂરી કરી છે.''**

## ૫. મહત્વાકાંક્ષી વ્યક્તિઓ જેમનું ધ્યેય સ્વર્ગ છે.

સંત પાઉલ ફિલિપ્પીઓને પત્ર ૩:૧૩-૧૪માં કહે છે, **''ભાઈઓ મેં પકડી લીધું છે એમ હું ગણતો નથી; પણ એક કામ હું કરું છું, એટલે કે જે પછવાડે છે તેને વીસરીને અને જે આગળ છે તેની તરફ ધાઈને, ખ્રિસ્ત ઈસુમાં દેવના સ્વર્ગીય આમંત્રણના ઈનામને વાસ્તે, નિશાનની ભણી આગળ ધસું છું.''** ઈશ્વર ઈચ્છે છે કે આપણા દરેક પાસે એક આત્મિક ધ્યેય હોવો જોઈએ. જેઓ આ ધ્યેય હાંસલ કરે છે, તેઓ દરેક માટે ઈશ્વર પાસે બદલો છે.

આપણો ધ્યેય શું છે? તે કંઈ પણ નહિ પણ સ્વર્ગ માટે હોવો જોઈએ શું છે? તે કંઈ પણ નહિ પણ સ્વર્ગ માટે હોવો જોઈએ. જ્યારે આપણે દરેક બાબત આપણા જીવનમાં આ ધ્યેય તરફ રાખીશું તો આપણે ક્યારેય નિષ્ફળ જશું નહિ. આપણી પાછળ સર્વ દુન્યવી લાલસા અને ભલાઈ છોડી દઈને અને વધસ્તંભને આગળ ધરીને આપણે ચોક્કસ સ્વર્ગ તરફ આગળ વધવું જોઈએ, જેઓ પ્રભુ ઈસુને જાણતા નથી, જેથી તેઓ પણ તારણ પ્રાપ્ત કરી શકે.

આવો આપણો ધ્યેય સ્વર્ગ રાખીએ અને આ મૂલ્યવાન ધ્યેય પ્રાપ્ત કરવા માટે આપણે મહત્વાકાંક્ષી વ્યક્તિઓ બનીએ.

*********

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/21-23 WPP NO. TN/PMG(CCR)/WPP-216/21-23

## ઈકો ઓફ હીજ કોલ

### યુટ્યુબ

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી ઈકો ઓફ હીજ કોલ યુટ્યુબ ચેનલ જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

– સંપાદક

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**

*****

E.mail : sam@echoofhiscall.org

# તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/21-23
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/21-23
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS / 1 Patrika Channel"
on 17th OCTOBER 2022

If un-delivered please return to:

**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

## *JESUS LOVES YOU!*

To

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No. 18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by him at **Echo of His Call Printers**, New No. 8 & 10, Old No. 18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**